Managed by Jivan Jyot Trust, Amroli - Surat
J. Z. SHAH ARTS & H. P. DESAI COMMERCE COLLEGE, AMROLI - SURAT
Grant in Aid College Affiliated to Veer Narmad South Gujarat University, Surat
B. A. [Principal - Gujarati & Economics] - B. Com. [Eng. & Guj. Medium]
M. A. [Gujarati, English, Economics] - M. Com. [Accountancy - English & Gujarati Medium]
Re-Accredited 'B++' (CGPA 2.94) by National Assessment And Accreditation Council Sept.-2019 Bengaluru
An ISO QMS - 9001 : 2015, EMS - 14001 : 2015 & OHSAS - 18001 : 2007 (IMS) Certified Institute
30 YEARS OF CELEBRATION 1991 - 2020

**Out Ref. No.:929/2020-21**
**Date: 17-03-2021**

પ્રતિ,
આદરણીય તંત્રીશ્રી/આદરણીય સંચાલકશ્રી,
સુરત.

સુજ્ઞ મહાશય,

સવિનય જણાવવાનું કે, આ સાથેના સમાચાર આપશ્રીના સુપ્રસિધ્ધ અખબારમાં વિનામૂલ્યે છાપ આભારી કરશોજી. સહકારની અપેક્ષા સહ,

આપનો વિશ્વાસુ,

(ડૉ.કે.એન.ચાવડા)
આચાર્યશ્રી.

## અમરોલી કોલેજ દ્વારા ભજવાયેલ નાટક "મેં ગંદેવી નો ગલો" એ કુલ ૬ એવોર્ડ સાથે સમગ્ર ગુજરાત રાજયમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યુ

સવિનય જણાવવાનું કે, ગુજરાત રાજય સંગીત નાટય અકાદમી દ્વારા આયોજીત એકાંકી નાટય સ્પર્ધા ૨૦૨૦-૨૧માં ભવન્સ કોલેજ, અમદાવાદ ખાતે તા. ૧૫,૧૬, અને ૧૭-૦૩-૨૦૨૧ દરમિયાન જે. ઝેડ. શાહ આર્ટ્સ એન્ડ એચ.પી. દેસાઇ કોમર્સ કોલેજ અમરોલીએ ભાગ લીધો હતો અને 'મેં ગંદેવીનો ગલો' નાટક ભજવ્યું હતું. 'મેં ગંદેવીનો ગલો' નાટક દક્ષિણ ગુજરાતના 'ઘેરૈયા લોકનૃત્યને' અને આદિવાસી સંસ્કૃતિને પ્રગટ કરે છે. ગુજરાત રાજય સંગીત નાટય અકાદમી દ્વારા 'મેં ગંદેવીનો ગલો' નાટક અને કુલ ૬ વિભાગમાં ગુજરાત રાજયમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરેલ છે. દક્ષિણ ગુજરાતની સંસ્કૃતિને પ્રગટ કરતું સુરતી બોલીમાં લખાયેલું આ દ્વિઅંકી નાટક છે.

'મેં ગંદેવીનો ગલો' નાટક અંગે લેખક સતીશ વ્યાસે જણાવ્યું હતું કે, "ગુજરાતી નાટય સાહિત્યનો પ્રથમ આદિવાસી નાયક આ નાટકમાં રજૂ થાય છે. દક્ષિણ ગુજરાતની સંસ્કૃતિને પ્રગટ કરતું સુરતી બોલીમાં લખાયેલું આ દ્વિઅંકી નાટક છે. નાટકમાં આવતાં 'ગણદેવી 'નો લોકશકિત સાથે સંબંધ છે. ગણ એટલે લોક અને દેવી એટલે શકિત.'' જે દક્ષિણ ગુજરાતના ઘેરૈયા લોકનૃત્યને અને આદિવાસી સંસ્કૃતિને પ્રગટ કરશે.

'મેં ગંદેવીનો ગલો' નાટકનું દિગ્દર્શન જાણીતા નાટયકાર સ્વ.જયોતિ વૈદ્યના દીકરી પ્રા. સોનલ વૈદ્ય(કુલકર્ણી) કર્યું છે. જેમાં સંગીત દિગ્દર્શન શ્રી જીતેન્દ્ર જી. સાહેબે, પ્રકાશ (લાઇટ્સ) શ્રી રાજેશભાઇ, સંગીત સંચાલન શ્રી અમિત ભગતવાલા, મેક અપ શ્રી વિજયભાઇ જરદોશ, સેટ શ્રી અર્ચિત ભટ્ટ સરે આપ્યુ હતું. આ નાટકમાં ૧૦ કલાકારો છે. જેમાં કાંતિલાલ શેઠ (પ્રશાંત), રેવતી(નિમિતા), ગલો (મીત), સવલો (હર્ષ) સવલી (બિનીતા), અબ્દુલ (નિરવ), રહેમાન (સાગર), કાસમ ચાચા (વૃશિલ), બેવડો (યશ), શેખ (સૈફી) નું પાત્ર ભજવ્યુ છે. તેમજ સહાયક કલાકાર તરીકે શીનુ, રાજ અને વિપુલ ઉપસ્થિત રહ્યા હતા. ટીમનું સંચાલન પ્રા. શિવાંગી શર્મા, પ્રા. રોહિત ચૌહાણ, પ્રા. કરણ બ્રહ્મભટ્ટે કર્યુ હતું. જેમાં શ્રેષ્ઠ નિર્દેશક તરીકે શ્રી પ્રા. સોનલ વૈદ્ય(કુલકર્ણી), શ્રેષ્ઠ લેખક સતીશ વ્યાસ, શ્રેષ્ઠ પુરૂષ કલાકાર મીત મોરડીયા અને પ્રશાંત ત્રિવેદીએ પ્રથમ ક્રમાંકે તેમજ શ્રેષ્ઠ દશ્ય પરિરચના અને શ્રેષ્ઠ નાટક માટે આમ અલગ અલગ કુલ ૬ વિભાગમાં પ્રથમ ક્રમ પ્રાપ્ત કર્યો છે. 'મેં ગંદેવીનો ગલો' નાટકની જવલંત સફળતા માટે પ્રા. સોનલ વૈદ્ય(કુલકર્ણી) અને તેમની સમગ્ર ટીમને જીવન જયોત ટ્રસ્ટ-અમરોલી, આચાર્યશ્રી ડૉ.કે.એન.ચાવડા શૈક્ષણિક અને વહીવટી કર્મચારીઓ તરફથી ખૂબ ખૂબ અભિનંદન.

E-mail : principal@acs.ac.in Website : www.acs.ac.in Ph. No. : (0261) 2499382-2495288-2495600-2409002
At. & Post : AMROLI-SURAT-394107, STATION : UTRAN (W.R.), TA. CHORYASI, DIST : SURAT, GUJARAT (INDIA) +91 90991 33386